

**ત્રણ દેશોની ઐતિહાસિક યાત્રાને સમેટી મોદી સ્વદેશ રવાના**
Page-6

**સુવિચાર : સુરજ નો તડકો ફેલાય ત્યારે જ પુષ્પ ખીલે છે એમ જીવનમાં વિપત્તિ આવે ત્યારે સમજવું કે વિકાસ થઇ રહ્યો છે - અમૃતાબિંદુ**

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૭૦ | ૨૦ મે, ૨૦૧૫, બુધવાર ; જેઠ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# હવે કુપોષણ મુક્તિ અભિયાન આરોગ્યતંત્રને હવાલે

## ૨૩મીએ મુખ્યમંત્રી દ્વારા વિધિવત્ ઘોષણા થશે : ૧લી જુનથી રાજ્યમાં આ અંગે સર્વેક્ષણ હાથ ધરવામાં આવશે : કર્મચારી આલમમાં પણ ગણગણાટ : કુપોષણથી પિડિત બાળકને સંપૂર્ણ આરોગ્ય વિષયક તપાસ કરીને જ કુપોષિત જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૧૯

કુપોષણ મુક્તિ અભિયાનને વધુ અસરકારક અને વૈજ્ઞાનિક અભિગમથી સફળ બનાવવા માટે રાજ્ય સરકારે આરોગ્ય વિભાગને આ અંગેની જવાબદારી બાળ વિકાસ વિભાગ પાસેથી લઈ સોંપવાનો નિર્ણય કર્યો છે.

તંત્રના સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આ કુપોષણ મુક્તિ અભિયાન જે રીતે ચાલતુ હતુ તેને લઈ ઉભા થયેલા વિવાદોને પગલે હવે સરકારે આ જવાબદારી આરોગ્ય વિભાગને સોંપવાનું મન બનાવી લીધુ છે.

આ માટે ૧લી જુનથી આંગણવાડીના બાળકો ઉપરાંત ૧ થી ૬ વર્ષના બાળકોનું ખાસ ચકાસણી અભિયાન શરૂ થશે અને ૨૩મી મે ના રોજ રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ વિધિવત્ ઘોષણા કરશે.

આરોગ્ય વિભાગ હવે આ કુપોષણ મુક્તિ અભિયાન માટે ઊંચાઈ, ઉંમર અને વજનની સાથે સાથે બાળકના બાવડાની માપણી કરશે એટલુ જ નહિ તેના પગે સોજા આવે છે કે કેમ ? તેવી ચકાસણી કરી તે બાળક કુપોષણથી પિડાય છે કે કેમ તે નક્કી કરશે.

પ્રથમ આશા કાર્યકર દ્વારા ચકાસણી કર્યા બાદ મેડિકલ ઓફિસર દ્વારા બાળકનો એપેટાઈટીસ ટેસ્ટ લેવાશે અને પછી જો તેમાં તે કુપોષિત

● અનુસંધાન પાન-૭ પર



અલૌકિક દશ્ય - ગાંધીનગરના પ્રાકૃતિક વૈભવની આ અલૌકિક તસવી છે... સૂર્ય પશ્ચિમ દિશામાં ઢળી રહ્યો છે... રોતાચોળ કિરણો વૃક્ષો પર સોનેરી પડછાયાથી પથરાઈ રહ્યા છે... પક્ષીઓ અનોખો કલરવ કરે છે... અને પ્રકૃતિના તમામ તત્વો એકરૂપ બનીને સૌંદર્ય પ્રગટાવે છે... તે માનવની આંખ હોય કે, કેમેરાનો સ્ક્રીન હોય, અલૌકિક અનુભૂતિની પળ નિર્માણ કરે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# જિલ્લાની મતદારયાદીમાં ત્રણ હજારથી વધુ નામો એક સરખા

## પંચ દ્વારા ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવી : રાજકીય પક્ષો સાથે મતદારયાદી નિરીક્ષકની હાજરીમાં કલેક્ટરે બેઠક યોજી

ગાંધીનગર, તા. ૧૯


ગાંધીનગર જિલ્લાની મતદારયાદીમાં ત્રણ હજારથી વધુ નામો એક સરખા હોવાનું તંત્રની તપાસમાં બહાર આવતાં બુથ લેવલ ઓફિસરોને તેની ચકાસણી કરી રિપોર્ટ કરવા માટે જણાવાયુ છે.

મતદાર યાદી સુધારણા અને શુદ્ધતાના ચાલી રહેલા કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે રાજકીય પક્ષો સાથે યોજેલી બેઠકમાં આ વાત કહી હતી.

ખાસ નિરીક્ષક શ્રી ટી. નટરાજનની વિશેષ ઉપસ્થિતિમાં મળેલ આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ મતદારયાદી સુધારણા અને શુદ્ધતાના ચાલી રહેલા કાર્યક્રમની જાણકારી આપી રાજકીય પક્ષોને વધુ સહયોગ આપવા અપીલ કરી હતી.

મતદારયાદી નિરીક્ષક શ્રી ટી. નટરાજને પંચ દ્વારા હાથ ધરાયેલા આ કાર્યક્રમનો ઉલ્લેખ કરી જણાવ્યુ હતુ કે આધારકાર્ડ સાથે મતદારયાદીને

● અનુસંધાન પાન-૭ પર



બરફની માંગમાં વધારો - છેલ્લા ચાર દિવસથી મહત્તમ તાપમાનનો પારો ઉંચે ને ઉંચે જતા બરફની માંગમાં ખૂબ વધારો નોંધાયો છે... ઠંડુ પાણી, ઠંડા પીણા, આઈસક્રીમ વગેરેમાં બરફનો ઉપયોગ વધતા બજારમાં માંગ વધી છે...

# ‘સ્વચ્છાગ્રહ અભિયાન’ દ્વારા હોસ્પિટલોમાં સ્વચ્છતા હરિફાઈ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

રાજયના આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજય સરકારની આરોગ્ય સંસ્થાઅહોમાં ‘સ્વચ્છતા અભિયાન’ વધુ સુદૃઢ બનાવાશે. મંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું હતું કે, સ્વચ્છતા જળવાશે તો તંદુરસ્તી પણ જળવાશે અને એટલે જ રાજયની આરોગ્ય સંસ્થામાં સ્વચ્છતાનું વિશેષ મહત્વ હોય છે.

અમદાવાદની અદાણી એકટ સંસ્થા દ્વારા હાથ ધરાયેલા ‘સ્વચ્છાગ્રહ અભિયાન’ અંગે ગાંધીનગર ખાતે યોજાયેલી મીટીંગના અધ્યક્ષસ્થાનેથી ઉદબોધન કરતા આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજય સરકારે ‘સ્વચ્છતા અભિયાન’ જેવા પાયાના અભિયાન માટે જનભાગીદારીને પ્રેરિત કરી છે. જેના ભાગરૂપે અદાણી એકટ સંસ્થા દ્વારા હાથ ધરાયેલા ‘સ્વચ્છાગ્રહ અભિયાન’ અંતર્ગત સરકારી હોસ્પિટલ સ્વચ્છતા અભિયાન શરૂ કરાશે. તેમણે રાજયભરમાં હોસ્પિટલ સ્વચ્છતા હરિફાઈના ઉદેશો પણ જણાવ્યા

● અનુસંધાન પાન-૭ પર

# આવતીકાલથી જુના સેક્ટરોમાં પાંચ દિવસ ઓછા પ્રેશરથી પાણી અપાશે

ગાંધીનગર, તા. ૧૯

ચરેડી વોટર વર્કસ ખાતે મુખ્ય વાલ્વના રીપેરીંગની કામગીરી શરૂ કરવાની હોવાથી જુના સેક્ટરોમાં ૨૧મી મે એટલે કે ગુરૂવારથી ઓછા પ્રેશરથી પાણી આપવામાં આવશે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં ઓછા પ્રેશરથી સળંગ પાંચ દિવસ સુધી પાણીનું વિતરણ કરાતા મહિલાઓને મુશ્કેલી પડી શકે છે.

પાટનગર યોજના વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર સેક્ટર-૧૪ થી ૩૦ના રહેણાંક, ઓફિસ અને ઔદ્યોગિક વિસ્તારમાં પાણી પુરવઠાનું વિતણ પાટનગર યોજના વિભાગ નં. ૩ ગાંધીનગરની કચેરી દ્વારા ચરેડી વોટર વર્કસ ખાતેથી કરવામાં આવે છે. ચરેડી વોટર વર્ક્સના મુખ્ય વાલ્વના રીપેરીંગની કામગીરી હોઈ આગામી તા. ૨૧મી મે થી સળંગ પાંચ દિવસ સુધી આ કામગીરી ચાલશે. આ દિવસો દરમ્યાન ઉપરોક્ત સેક્ટરોમાં આપવામાં આવતો પાણી પુરવઠો ઓછા પ્રેશરથી આપવામાં આવશે. મુખ્ય વાલ્વની રીપેરીંગની કામગીરી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ પ્રેશરથી આપવામાં આવશે.

ઉનાળાની કાળઝાળ ગરમીમાં જ્યારે પાણીની વધુ જરૂરીયાત રહે છે અને મહેમાનોની અવરજવર વધુ હોય છે ત્યારે જ ઓછા પ્રેશરથી પાણીનુ વિતરણ કરવામાં આવશે. રીપેરીંગના કારણે સળંગ પાંચ દિવસથી પાણી વિતરણમાં કાપ મુકવામાં આવશે તો વસાહતીઓને મુશ્કેલી પડી શકે છે. હાલમાં લગ્નોની સિઝન ચાલી રહી છે ત્યારે જુના સેકટરોમાં ઓછા પ્રેશરથી પાણીનું વિતરણ કરવામાં આવશે તો લગ્ન પ્રસંગોમાં તકલીફ પડી શકે છે.

# સ્વચ્છ ભારત અભિયાનમાં ગુજરાત મોખરે

## ૧.૨૫ લાખ શૌચાલયો ગુજરાતમાં બન્યા છે : દેશમાં બાંધવામાં આવેલા કુલ શૌચલાયો પૈકી ૬૦ ટકા શૌચાલયો વર્ષ ૨૦૧૪-૧૫માં રાજ્યમાં બનાવાયા છે

અમદાવાદ, તા.૧૯

સ્વચ્છ ભારતના ઝુંબેશના અમલીકરણમાં ગુજરાત દેશભરમાં મોખરે છે. દેશમાં બાંધવામાં આવેલા કુલ શૌચાલયો પૈકી ૬૦ ટકા શૌયાલયો વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ગુજરાતમાં બાંધવામાં આવ્યા એનો અર્થ એ થયો કે, દેશભરમાં બંધાયેલા બે લાખ શૌચાલયોના નિર્માણ પૈકી ૧.૨૫ લાખથી વધુ શૌયાલયો એકલા ગુજરાતમાં બાંધવામાં આવ્યા છે.

રાજય સરકારે મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં ગુજરાતના વિકાસને એક નવી ઊંચાઈ આપવાના નિર્ધાર સાથે ગતિશિલ ગુજરાતનું અભિયાન શરૂ કર્યું વિકાસ પ્રવૃત્તિઓના પરીણામલક્ષી અમલીકરણ શરૂ કરવાના ગતિશીલ ગુજરાતના પ્રથમ તબક્કામાં ૧૦૦ દિવસમાં નિશ્ચિત લક્ષ્યાંત સામે ૧૨૬ ટકા સિદ્ધિ હાંસલ કરાઈ, પ્રથમ બે તબક્કાની અદભૂત સફળતાથી પ્રરાઈને નિયમિત કાર્યક્રમરૂપે ત્રીજા ચરણમાં ૧૬ વિષયોના ૧૭૩ પ્રજાલક્ષી પ્રવૃત્તિના પરિણામલક્ષી અમલીકરણનો પ્રારંભ કરાયો છે.

